n{[ÿt[tÞ W¥th „sht, Þr™ðrËxe™ …trût f ð¥t…ºt

Ë¤„ yf : 685, ð»t : 30
yf : 6 {tåt-16, 2017

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

ॐ पूर्णमदः पूर्णमिदम् पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः
"તે પૂર્ણ છે, આ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે.
પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લેવામાં આવે તોયે પૂર્ણ જ બાકી રહે છે."
- ઈશાવાસ્ય ઉપનિષદ

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન (UNO) દ્વારા સમગ્ર વિશ્વમાં કાયમી/ટકાઉ વિકાસના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે વર્ષ-૨૦૩૦ સુધીનો એજન્ડા તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે ૧૭ જેટલા વિકાસના લક્ષ્ય નિર્ધારિત કરાયા છે, જે પૈકી પાંચમો મુખ્ય લક્ષ્યાંક છે - સમગ્ર વિશ્વમાં જાતિગત સમાનતા લાવવી અને મહિલાઓ તથા કન્યાઓને સશક્ત બનાવવા. આ મુખ્ય લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે પેટા લક્ષ્યાંકો નક્કી કરાયા છે જેમ કે, મહિલાઓ અને કન્યાઓને લગતા તમામ પ્રકારના ભેદભાવ તમામ સ્તરેથી નાબુદ કરવા; જાહેર સ્થળોએ તથા ખાનગીમાં થતા મહિલાઓ અને કન્યાઓ પરના દેહવિક્રય અને જાતિગત શોષણથી મુક્તિ અપાવવી; બાળલગ્ન તથા બળજબરીથી લગ્ન અને યૌન શોષણ નાબુદ કરવા; બીનપગારી ઘરકામ અને અન્ય સેવાઓને સ્વીકારી તેને માન્યતા આપવી; રાજકીય, આર્થિક અને જાહેર જીવનમાં મહિલાઓની સંપૂર્ણ ભાગીદારી તથા નેતાગીરીની સમાન તકો સુનિશ્ચિત કરવી; મહિલાઓને માલિકી હક, જમીન, મિલકતોના હક આપવા; માહિતી અને સંચાર માધ્યમો થકી મહિલા સશક્તિકરણ કરવું અને આ માટે કાયદાકીય રક્ષણ પૂરું પાડવું. યુનોના આ લક્ષ્યાંકોને વિશ્વના ૧૯૩ સભ્ય રાષ્ટ્રોએ સ્વીકાર્યા છે. ૮મી માર્ચના રોજ ઉજવાતો મહિલા દિવસ ઉપરોક્ત લક્ષ્યાંકોને હાંસલ કરવા જનજાગૃતિ ઉભી કરવાનો એક ઉપક્રમ છે.

દરેક દેશને પોતાની અનિવાર્યપણે આવશ્યક (Imperatives) સાંસ્કૃતિક વિરાસત હોય છે. વિશ્વના આગલી હરોળમાં રહેતા દેશો આ વિરાસતના મૂળ એક પેઢીથી બીજી પેઢી સુધી સતત સ્મરણમાં રહે તે માટે ચિંતનશીલ તથા કાર્યરત હોય છે. આપણી આ વિરાસતના સંદર્ભે મહિલાઓની વેદથી મહાભારત સુધીની સ્થિતિ વિશે ગુજરાતી ભાષામાં "ભારતીય મહિલા વિશ્વકોશ" ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગરના સહયોગથી ડૉ. ટીના દોશી દ્વારા તૈયાર કરાયેલ છે. જે નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત કરાયેલ છે. ૮૦૦થી વધુ પૃષ્ઠોના પ્રથમ અંકમાં સાત પ્રકરણોમાં : વેદગ્રંથોમાં સ્ત્રી; બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ ગ્રંથોમાં નારી; સૂત્ર સાહિત્યમાં સ્ત્રી; સ્મૃતિગ્રંથોમાં સ્ત્રી; પુરાણગ્રંથોમાં સ્ત્રી; રામાયણમાં સ્ત્રી અને મહાભારતમાં સ્ત્રી. આમ, સ્ત્રીને લગતા વિવિધ વિષયોનું ખૂબજ વૈવિધ્યપૂર્ણ સંકલન કરાયું છે.

વૈદિક યુગ સ્ત્રીઓ માટેનો સુવર્ણયુગ હતો. વૈદિક કન્યાઓને બે પ્રકારનું શિક્ષણ અપાતું... લૌકિક અને આધ્યાત્મિક. લૌકિક શિક્ષણમાં સંગીત, નૃત્ય, યુદ્ધશાસ્ત્ર જેવી બાબતોમાં તાલીમ અપાતી. આધ્યાત્મિક શિક્ષણમાં ધર્મશાસ્ત્રો, પરંપરા અને પૌરાણિક સંદર્ભોનું જ્ઞાન અપાતું.

વેદકાળમાં સ્ત્રીશિક્ષણની જેમ જ સ્ત્રી સશક્તિકરણ પણ જોવા મળે છે. આપણે એવું માનીએ છીએ કે, સ્ત્રીસ્વાતંત્ર્યની દિશામાં પશ્ચિમના દેશોએ પહેલ કરી, પરંતુ હકીકત એ છે કે 'રોમશા' સ્ત્રીસ્વાતંત્રતાની પ્રણેતા છે. તેની ઓળખ સ્ત્રીસ્વાતંત્રતાની ધ્વજધારિણી તરીકે આપવામાં આવી છે. 'વિશ્વવારા' વેદકાળની પ્રથમ પુરોહિતા હતી. વેદકાળમાં વણાટકામ કરતી કન્યા માટે સરી-વયિત્રી, વસ્ત્ર રંગતી હોય તેને માટે રજયિત્રી, ભરતગૂંથણ કરતી હોય તેને પેશસ્કરી, ધોબીકામ કરતી હોય તેને વાસઃપલ્પૂલી, અનાજ દળનારી સ્ત્રીને ઉપલપ્રક્ષિણી, વાંસની ટોપલી બનાવનારને વિદલકારી, યજ્ઞની વેદી બનાવનાર સ્ત્રીને માટે ચતુષ્કપર્દી, ઘોડાને તાલીમ આપનાર સ્ત્રી માટે આશ્વાજની શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

વેદયુગ પછીના ઉપનિષદ કાળમાં પણ સ્ત્રીને વિવિધ વિષયોમાં તાલીમ અપાતી. જેમ કે, મલમ કે સૌન્દર્ય પ્રસાધન બનાવનાર સ્ત્રી અંજનીકારી, મ્યાન બનાવનારી સ્ત્રી કોશકારી તરીકે ઓળખાતી. વેદગ્રંથોમાં પત્નીને ઘર કહી છે. સાસરિયામાં તે સ્વામિની, કુળરક્ષક તરીકે કુલપા કહેવાઈ છે. વૈદિક યુગની સ્ત્રીની આ સુંદર સ્થિતિમાં સ્મૃતિકાળમાં પરિવર્તન આવ્યું. બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો તથા

દર્શનશાસ્ત્રનો વિકાસ થતાં સ્ત્રીના અભ્યાસ માટે પૂરતો સમય ન મળતાં, ધીમે ધીમે કન્યા શિક્ષણ પર પ્રતિબંધ મૂકાયો. આ કાળનું સૌથી ખરાબ પરિણામ એ વિવાહવય ઘટાડવાનું છે. ઋતુમતી થતાં પહેલાં કન્યાના વિવાહ કરી દેવા પ્રતિષ્ઠાનું પ્રતિક બન્યું. આ કાળમાં બાળવિવાહની સાથે સાથે સતીપ્રથા પણ અમલમાં આવી. વેદકાળથી દરેક કાળમાં બહુપત્નીત્વની પ્રથા જોવા મળે છે.

રામાયણ અને મહાભારત કાળ સુધી સ્ત્રીઓના દરજ્જામાં કોઇ નોંધપાત્ર બદલાવ થયા નથી. આમ છતાં, આ કાળ દરમ્યાન, સ્ત્રીઓ કેટલાક ક્ષેત્રોમાં નિપુણ હતી તે જોવા મળે છે. જેમ કે, સીતા સામુદ્રિક શાસ્ત્રમાં પારંગત હતી, દ્રૌપદી ગણિતશાસ્ત્રની નિષ્ણાંત હતી તથા પાંડવોના રાજ્યની નાણાંકીય આવકજાવકની સંપૂર્ણ જવાબદારી તે નિભાવતી, કુંતી અથર્વવેદ નિષ્ણાત હતી, કૈકેયી રથવિદ્યા અને રણવિદ્યામાં નિપુણ હતી, ગાંધારી અર્થશાસ્ત્ર વિશારદ હતી, તારા વાનરકુળની વિદુષી હતી, મંદોદરી અસુરકુળની ઇતિહાસવિદ હતી, બલરામની પત્ની રેવતી વૈજ્ઞાનિક હતી, તેણે કૂવામાંથી પાણી ખેંચતા કોસની શોધ કરી હતી.

આપણી મહિલાઓની ગૌરવગાથા આપણા સાંસ્કૃતિ વારસાનું ઉજળુ પાસું છે. એકવીસમી સદીમાં ભારતમાં મહિલાઓની સ્થિતિ શું છે તેનો અભ્યાસ અમેરિકાની વિખ્યાત કન્સલ્ટન્સી પેઢી મેકીન્ઝી એન્ડ કાું. દ્વારા કરવામાં આવ્યો છે. આ કંપનીની સંશોધન શાખા ‘‘મેકીન્ઝી ગ્લોબલ ઇન્સ્ટીટ્યૂટ’’ દ્વારા એક અભ્યાસપૂર્ણ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. નવેમ્બર-૨૦૧૫માં આ અહેવાલ "The Power of Parity : Advancing Women's Equality in India" નામે પ્રકાશિત કરાયો છે.

આ અહેવાલ તૈયાર કરવા માટે દસ માપદંડોનો ઉપયોગ કરી - The India Female Empowerment Index (Femdex) એટલે કે ભારતીય મહિલા સશક્તિકરણ સૂચકઆંક તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે, (૧) ભારતીય મહિલાઓનો શ્રમદળમાં ભાગીદારીતાનો દર (૨) પ્રોફેશનલ અને ટેકનીકલ નોકરીઓમાં મહિલાઓની ટકાવારી (૩) ઉચ્ચકક્ષાના અધિકારીઓ, મેનેજરો તથા રાજકારણનાં પદોમાં મહિલાઓનું પ્રમાણ (૪) વસ્તી ગણતરીના આંકડાઓના આધારે સ્ત્રીને અસર કરતી બાબતો જેવી કે, રાંધણ માટે ગેસ, કેરોસીનના ઉપયોગ કરતાં કુટુંબો, શુદ્ધ પીવાના પાણીના જોડાણવાળા ઘરો, શૌચાલયની સવલત ધરાવતા મકાનો (૫) ૧૫ થી ૪૯ વર્ષની વયજૂથની પરિણીત મહિલાઓ પોતે ઇચ્છતી હોવા છતાં નસબંધી કે અન્ય સાધનોના ઉપયોગ થકી બાળજન્મ પર અંકુશ ઇચ્છતી હોવા છતાં તે સાધનોનો ઉપયોગ કરી શકતી નથી. (૬) કોઇ એક વર્ષમાં દર એક લાખ બાળકોના જન્મ વખતે મૃત્યુ પામતી મહિલાઓ (૭) શૈક્ષણિક સ્તરનો દર; પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણમાં મહિલાઓનું પ્રમાણ (૮) જન્મ વખતે બાળકોમાં પુરુષ-કન્યાનું પ્રમાણ (૯) ૧૫ થી ૧૯ વર્ષની વયજૂથની કન્યાઓમાં લગ્નનું પ્રમાણ અને (૧૦) લગ્નજીવન જીવતી મહિલાઓમાં ઘરેલું હિંસાનું પ્રમાણ. વર્ષ ૨૦૧૧ના સરકારી સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરાયેલ પ્રમાણભૂત આંકડાઓને આધારે ઉપરોક્ત દસ માપદંડોને આધારે ભારતીય મહિલા સશક્તિકરણ સૂચકઆંક તૈયાર કરવામાં આવ્યો છે. મહત્તમ સૂચકઆંક ૧.૦૦ છે જે દર્શાવે છે કે મહિલાઓનું સો ટકા સશક્તિકરણ થયેલ છે. જેમ સૂચકઆંક ઓછો તેમ મહિલાઓની પરિસ્થિતિ ખરાબ છે તે દર્શાવે છે.

જાતિગત સમાનતા દર્શાવતા આ સૂચકઆંક જુદા જુદા રાજ્યોમાં ૦.૪૨ થી ૦.૭૦ સુધીનો છે. સૌથી વધુ સૂચકઆંક ધરાવતા પાંચ રાજ્યોમાં મિઝોરમ, મેઘાલય, કેરાલા, ગોવા અને સિક્કિમનો સમાવેશ થાય છે. જેનો સૂચકઆંક ૦.૬૪ થી ૦.૭૦ની વચ્ચેનો છે. આ દર્શાવે છે કે ભારતના કેટલાક વિસ્તારો મહિલા સશક્તિકરણની બાબતમાં આર્જેન્ટીના, ચીન કે ઇન્ડોનેશિયાની સમકક્ષ છે. સૌથી ઓછો સૂચકઆંક દર્શાવતા પાંચ રાજ્યોમાં બિહાર, ઝારખંડ, આસામ, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ છે. જેમનો સૂચકઆંક ૦.૪૨ થી ૦.૪૯ સુધીનો છે. આ પાંચ રાજ્યોમાં કામ-કરવાને લાયક દેશની કુલ મહિલાઓ પૈકી ૩૨ ટકા મહિલાઓ છે. ગુજરાતનું સૂચકઆંક ૦.૫૬ છે.

મહિલાઓની વિશેષ ભાગીદારી થકી દેશના ઝડપી વિકાસ માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની હિમાયત કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કન્યા કેળવણીને પ્રાધાન્ય મળતાં આ પ્રમાણમાં નોંધપાત્ર પ્રગતિ થઇ છે. પરંતુ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે હજી ઘણા ફેરફારો કરવા જરૂરી છે. ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓનું પ્રમાણ વર્ષ ૨૦૦૨ માં ૬.૭ ટકા હતું જે વધીને ૨૦૧૨માં ૧૯.૮ ટકા જેટલું થયું છે. પરંતુ ભાઇઓમાં આ સમયગાળામાં પ્રમાણ ૯.૩ ટકાથી વધી ૨૨.૩ ટકા થયું છે. આજે બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૫૨% જેટલી કન્યાઓ માધ્યમિક શિક્ષણ સુધી પહોંચતી નથી. પુત્રની ઇચ્છા અને શિક્ષણના પ્રમાણ સંબંધીત સંશોધન જણાવે છે કે જે સ્ત્રીઓમાં શિક્ષણ ઓછું છે તેવી સ્ત્રીઓ પુત્ર બાળક માટેની ખૂબ જ ઊંચી પસંદગી ધરાવે છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ પાત્ર મહિલાઓ પૈકી માત્ર ૩ ટકા મહિલાઓ જ પુત્ર સંતાનની ઇચ્છા ધરાવે છે. આમ પુરુષ-સ્ત્રીનો ગુણોત્તર જાળવવામાં મહિલાઓનું શિક્ષણ એક અગત્યનું પરીબળ છે.

સરકારના ‘મેક ઇન ઇન્ડિયા’, ‘સ્કીલ ઇન્ડિયા’ જેવા કાર્યક્રમોમાં મહિલા સશક્તિકરણના વિશેષ પ્રયોગો પર ધ્યાન આપવાની જરૂરીયાત છે. સર્વસમાવેશક નાણાંકીય નીતિઓ, ડીજીટલ ટેક્નોલોજી તથા બેંકોનું માળખું વિગેરેમાં ફેરફાર, કાયદાકીય જોગવાઇઓ આ બધા થકી પણ સ્ત્રી સશક્તિકરણની કાર્યવાહી પર ભાર મૂકવાની જરૂરીયાત છે.

અંતે, માતૃશક્તિના ગુણગાન ગાતાં ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતાના દસમા અધ્યાયમાં પોતાના અપાર ઐશ્વર્યના રૂપો વર્ણવતા સમસ્ત જીવોના આદિ, મધ્ય તથા અંતમાં પોતે જ છે તેવું દર્શાવવા તમામ ક્ષેત્રના ઉત્કૃષ્ઠ વ્યક્તિઓ પોતે જ છે તેવું શ્લોક -૨૦ થી શ્લોક-૩૮માં વર્ણન કરી વિવિધ નામો દર્શાવે છે. પરંતુ જ્યારે સ્ત્રીઓમાં કોણ શ્રેષ્ઠની વાત આવે છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ ૩૪મા શ્લોકમાં દર્શાવે છે કે - ‘‘સ્ત્રીઓમાં હું કીર્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, બુદ્ધિ, ધૃત્તિ અને ક્ષમા છું.’’

ઇશાવાસ્ય ઉપનિષદના શાંતિ મંત્રમાં ઋષિ જણાવે છે કે પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લેવામાં આવે તોય પૂર્ણ જ બાકી રહે છે. પૂર્ણ સ્ત્રીના ઉદરમાંથી, પૂર્ણ બાળક અવતરે તો પણ બન્ને સ્વતંત્ર પૂર્ણ પદ રહે છે તે જ સ્ત્રીની મહત્તા દર્શાવતો મહામંત્ર છે. આ એક બાબત જ સ્ત્રીને વંદનીય બનાવે છે.

**તા. ૧૬-૦૩ -૨૦૧૭**
**પાટણ.**

**પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## આર.ટી.આઈ. સેલ

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના સુચારું પાલન અને અરજદારને નિયમાનુસારની માહિતી સમયસર મળી રહે તેવા લોકાભિમુખ વહીવટને ધ્યાને રાખી અગાઉ વહીવટી કારણસર બંધ કરેલ લીગલ/આર.ટી.આઈ. સેલને માન. કુલપતિશ્રીએ નવા સ્વરૂપે પુનઃ શરૂ કરેલ છે. યુનિવર્સિટી સંબંધિત કોર્ટ મેટર તથા આર.ટી.આઈ. હેઠળની અરજીઓની કેન્દ્રીયકૃત રીતે કાર્યવાહી સીધા કુલસચિવશ્રી અને માન. કુલપતિશ્રીના તાબા હેઠળ કાર્યક્ષેત્ર નિયત કરવામાં આવેલ છે. લીગલ/આર.ટી.આઈ. સેલ તા. ૧-૨-૨૦૧૭થી કાર્યકર થયેલ છે. શ્રી જી.એન. પંચાલ (સિ. ક્લાર્ક)ને ઈન્ચાર્જ તરીકેની ફરજ સોંપવામાં આવેલ છે.

## કાર્યક્રમ



તા. ૨૮-૨-૧૭ના રોજ યુનિવર્સિટી રંગભવન ખાતે "E-BAAT & GST Awareness Program" નું આયોજન એસ.કે. કૉલેજ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. અધ્યક્ષશ્રી ડૉ. ડી. એમ. પટેલ, અતિથિવિશેષ ડૉ. ડી. સી. પટેલ અને ડૉ. નિશીથભટ્ટની ઉપસ્થિતિમાં વક્તાશ્રી પ્રનિત ટાંક, હેડ નેશનલ ક્લીયરીંગ સેલ, આર.બી.આઈ., અમદાવાદ દ્વારા ડિઝીટલ બેન્કિંગ સરળતાથી કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તેની માહિતી આપી હતી. તેમજ સંયોજક શ્રી મિતુલ દેલીયાની ઉપસ્થિતિમાં શ્રી હરેશ કોઠારી અને શ્રી દિલીપ જોધાની દ્વારા જી.એસ.ટી. વિશે માહિતી આપી હતી.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન


તા. ૨૫-૨-૨૦૧૭ના રોજ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણના ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સ વિભાગમાં ત્રીજી Alumni Meetનું આયોજન કરેલ. જેમાં Alumni Associationની Website બનાવવી અને હાલના વિદ્યાર્થીઓને Jobમાં મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

## વ્યાખ્યાન



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨ માર્ચ, ૨૦૧૭ના રોજ શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા તથા શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગુજરાતના જાણીતા સાહિત્યકારો પૈકી શ્રી મોહનલાલ પટેલે 'ટૂંકીવાર્તા : ઘડતર અને સર્જક' તેમજ ડૉ. યોગેન્દ્ર પારેખે 'ગાંધીયુગના પ્રતિનિધિ સર્જક : ઉમાશંકર જોશી' વિશે પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત કુલપતિશ્રી દ્વારા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## સેમિનાર



✻ સંસ્કૃત અને ભારતીયવિદ્યા વિભાગ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ દ્વારા તથા પાટણ જૈન જ્ઞાન મંદિરના સંયુક્ત ઉપક્રમે ૧૯૯૭થી હેમ સમારોહનું આયોજન સંસ્કૃત વિભાગ દ્વારા કરવામાં આવે છે. તા. ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ આયોજીત સમારોહમાં ૨૩૩ રજીસ્ટ્રેશનમાંથી ૫૫ શોધપત્રો રજૂ થયા હતા. સમારોહના અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ અને કિ-નોટ એડ્રેસ તરીકે પ્રો. ઓમપ્રકાશ પાન્ડે દિલ્હીથી ઉપસ્થિત હતા. પ્રો. પાન્ડેએ વૈદિક પરંપરા અને આધુનિક વિજ્ઞાનમાં સૃષ્ટિના ઉત્પત્તિના રહસ્યને સમજાવ્યું હતું. સમારોહમાં પ્રો.તપસ્વી નાન્દી વ્યાખ્યાનમાળામાં પ્રો. અજીતભાઈ ઠાકોરે 'કરુણરસ : વિભાવના એવમ્ કાવ્યપ્રયોજના' તથા પ્રો. મણિભાઈ વ્યાખ્યાનમાળામાં પ્રો. હંસાબેન હિંડોચાએ 'વેદોમાં માનવ : આધુનિક સંદર્ભમાં' વિષય પર વ્યાખ્યાન આપ્યા હતા. સમારોહમાં રજૂ થયેલ શોધપત્રોનું હેમપ્રપા અંક-૭નું વિમોચન થયું હતું. પ્રો. અજીતભાઈના વ્યાખ્યાનનું અને પ્રો. તપસ્વી નાન્દીના કેટલાક શોધપત્રોનું 'તપસ્વીની આનંદયાત્રા' નામના પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.




✻ તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણના ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા 'સાયબર સિક્યુરીટી અને ઈથીકલ હેકીંગ' પર નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૪૧૧ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, IT Professional તથા Industry Delegates દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ ડિજીટલ યુગમાં ટેકનોલોજીનો ઉપયોગ સાવચેતીપૂર્વક કરવો જોઈએ તેની પર પ્રકાશ

પાડ્યો હતો. ફાલ્ગુન રાઠોડે Cyber Security & Ethical Hacking પર અને સની વાઘેલાએ હેકીંગની ટેકનીક્સ પર માર્ગદર્શન આપ્યું હતું તેમજ દિગ્વીજયસિંહ રાઠોડ કે જેઓ ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં આસી. પ્રોફેસર છે, તેમના દ્વારા Cyber Security પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# કોલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

❊ ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, મોડાસા સંલગ્ન એન.એસ.એસ. યુનિટ દ્વારા ખાસ શિબિરનું આયોજન તા. ૬-૧-૧૭ થી તા. ૧૨-૧-૧૭ દરમ્યાન મોડાસા તાલુકાના વાંટડા મુકામે કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતફેરી, યોગ શિબિર, સર્વરોગ નિદાન (એલોપેથી), સર્વરોગ નિદાન (આયુર્વેદ), પશુ રોગ નિદાન, મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના નોંધણી, પાનકાર્ડ નોંધણી, રક્તદાન, ગામ સફાઇ જેવા કાર્યક્રમ ઉપરાંત ડીઝીટલ બેન્કિંગના સંદર્ભમાં વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. રક્તદાનમાં ૩૩ બોટલ રક્તદાન થયું હતું. સર્વરોગ નિદાન (એલોપેથી)નો કુલ ૭૬ ગ્રામજનોએ લાભ લીધો હતો. સર્વરોગ નિદાન (આયુર્વેદ) અંતર્ગત 'સ્વસ્થવૃત' વિશે ડૉ. નિશાબેને વ્યાખ્યાન આપ્યું હતું. ૧૨૨ લોકોએ આયુર્વેદીક ઉપચાર તથા ૫૦૦થી વધુ લોકોએ સ્વાસ્થ્ય વર્ધક ઉકાળા તથા ઓષધીય વનસ્પતિ પ્રદર્શનનો લાભ લીધો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મનોરંજન યુક્ત લોકજાગૃતિનો પ્રયત્ન કર્યો હતો.

❊ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ, વડગામના એન.એસ.એસ. વિભાગ દ્વારા વડગામ તાલુકાના ધનપુરા ગામે તા. ૧૮ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૧૭ દરમ્યાન 'ડીજીટલ ઇન્ડિયા અને સ્વચ્છતા જાગૃતિ અભિયાન' વિષય પર વાર્ષિક શિબિર યોજાઈ હતી.

❊ રાજપુર કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કોલેજ, વિજયનગરની એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર તા. ૧૮-૧-૧૭ થી તા. ૨૪-૧-૧૭ દરમ્યાન શ્રી એ.પી. ઠાકર વિદ્યાલય, રાજપુર, તા. વિજયનગર મુકામે ''પર્યાવરણ અને આરોગ્ય જાગૃતિ'' વિષય પર યોજાઇ. ગ્રામસફાઇ, પર્યાવરણ જાગૃતિ, આરોગ્ય જાગૃતિ, બૌદ્ધિક વ્યાખ્યાનો, પર્યાવરણ પર્યટન, સમૂહચર્ચા, વક્તૃત્વ સ્પર્ધા, યોગ, રેલી, ભજન હરીફાઇ જેવા કાર્યક્રમોમાં ૧૦૫ સ્વયંસેવકો જોડાયા હતા. મેડિકલ ચેકઅપ કેમ્પમાં ૨૦૦ ગ્રામજનોના ડાયાબિટીસ, બી.પી., આંખ-ચામડીના રોગોનું નિદાન કરવામાં આવ્યું.

❊ મરચન્ટ સાયન્સ કોલેજ, ગઢા (બાસણા કેમ્પસ) અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સહયોગથી ગણેશપુરા (પુ.) મુકામે એન.એસ.એસ.ની શિબિર તા. ૨૪-૧-૧૭ થી તા. ૩૦-૧-૧૭ સુધી યોજાઇ. શિબિરમાં સ્વચ્છતા અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન, રોગનિદાન કેમ્પ, યોગ અને પ્રાણાયામ તેમજ વિવિધ વિષયો પર તજજ્ઞોએ વ્યાખ્યાનો આપ્યા હતા.

❊ 'નીમા મેમોરિયલ' ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટના ઉપક્રમે તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વ્યાખ્યાન, જૂથચર્ચા, પ્રતિજ્ઞા વાંચન જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના ''રાષ્ટ્રીય સેવા યોજના'' યુનિટ દ્વારા ખેરાલુ તાલુકાના સાકરી મુકામે તા. ૨૯-૧-૧૭ થી તા. ૪-૨-૧૭ દરમ્યાન સાત દિવસીય વાર્ષિક શિબિર યોજવામાં આવી. શિબિરમાં ગ્રામ સફાઇ, યુવા ચેતના, એઇડ્સ જાગૃતિના વ્યાખ્યાનો તથા રેલી, યોગ, બૌદ્ધિક રમતો, રોજગાર અને મહિલા સમસ્યા માર્ગદર્શન, વ્યસનમુક્તિ જેવા કાર્યક્રમો કર્યા હતા.

❊ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગરના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા વસાઇ (ડાભલા) તા. વિજાપુર ખાતે ખાસ શિબિરનું આયોજન તા. ૧૦-૦૨-૨૦૧૭ થી તા. ૧૬-૦૨-૨૦૧૭ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ ચેતનાના વિવિધ વિષયોને આવરી લેતા કાર્યક્રમોનું આયોજન થયું હતું.

## ઉજવણી

❊ તા. ૨૫-૧-૧૭ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં વિદ્યાર્થી અને કર્મચારી દ્વારા જનજાગૃતિ આવે તે હેતુથી પ્રતિજ્ઞા લઇ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરમાં તા. ૨૫-૧-૧૭ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી કરવામાં આવી હતી. મતદાનનું મહત્ત્વ તથા યુવાનોનો રાષ્ટ્રીય વિકાસમાં શું ફાળો હોઇ શકે તે વિષય ઉપર પ્રો. આર.જી. રાઠોડે પ્રવચન આપેલ. તેમજ શ્રેષ્ઠ બી.એલ.ઓ. તરીકે સુથાર અહેસાનઅલી ઇસ્માઇલભાઇ અને શ્રેષ્ઠ સેક્ટર ઓફિસર તરીકે પટેલ મુકેશકુમારને સન્માનીત કરવામાં આવેલ.

❊ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગરમાં તા. ૨૫-૧-૧૭ના રોજ 'મતદાતા દિવસ' ઉજવાયો. પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ મતદાન વિશેની માહિતી આપી તેમજ પ્રા. સુરેશ એચ. પટેલે મતદાન વિશે વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી.

❊ શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં તા. ૨૫ જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. ડૉ. રાજેશ ત્રિવેદીએ મતદાતા તરીકેની ફરજ દરેક વ્યક્તિએ નિભાવવા સુચન કર્યું હતું. ડૉ. રાજેશ રબારી એ મતદાતાઓને મતદાન અંગેની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

❊ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૨૫-૧-૧૭ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો. પ્રા. ડૉ. વિનોદભાઇ, પ્રા. ડૉ. રાકેશ જોષી તથા પ્રા ડૉ. શૈલેશ જોષીએ મતદાન જાગૃતિ અંગે વક્તવ્ય આપ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે એક નાટિકા રજૂ કરીને રેલી કાઢી હતી. વિદ્યાર્થી અને અધ્યાપકોએ મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી.

❊ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં તા. ૩૦-૧-૧૭ના રોજ ગાંધી નિર્વાણ દિનની ઉજવણી કરવામાં આવી. પ્રશિક્ષણાર્થીઓએ ગાંધીજીના જીવન વિષયક પ્રશ્નોતરી, ધૂન, ભજન, વક્તવ્ય, અગિયાર મહાવ્રતોના સંસ્મરણ સાથે હૃદય પૂર્વકના મૌન સાથે શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

❊ તા. ૨૫-૦૧-૨૦૧૭ના રોજ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્ કોલેજ, વિજાપુર ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. સુરેશભાઇ એસ. પટેલ દ્વારા ચુંટણીકાર્ડ, મતદાર અને મતદાનનું ચુંટણી પ્રસંગે શું મહત્ત્વ છે, તે અંગેની માહિતી આપવામાં આવી. આ નિમિત્તે મતદારોએ લેવાની પ્રતિજ્ઞા વિદ્યાર્થિનીઓ પાસે પ્રા. ડૉ. આર.એ. પટેલ દ્વારા લેવડાવવામાં આવી.

❊ 'હિંમત વિદ્યાનગર' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ,



રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં રજતજયંતિ ટેલેન્ટ-૨૦૧૭ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, અધ્યક્ષ ટ્રસ્ટ પ્રમુખશ્રી ડૉ. મહેશભાઇ મુલાણી, શ્રી ચંદ્રેશભાઇ વીરવાડીયા ઉપસ્થિત હતા. ટેલેન્ટમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લોકનૃત્યો, માઇમ, એકપાત્રીય અભિનય, ગુજરાતી-હિન્દી ફિલ્મી ગીતો, લોકગીત, મોર્ડન નૃત્યો, બેટી બચાવો, ભારતની વિવિધતા, વૃદ્ધોની વેદના સહિત સમાજ સુધારણાના વિચારો રજૂ કરતી કલાત્મક કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

## કાર્યક્રમ

✻ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં તા. ૨૧-૦૧-૨૦૧૭ના રોજ એઇડ્સ જાગૃતતા કાર્યક્રમમાં યુનિવર્સિટીની વિવિધ બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, મહેસાણાના કો-ઓર્ડિનેટર કમલેશ ગોહેલે એઇડ્સથી કેવી રીતે બચી શકાય તે અંતર્ગત વ્યક્તવ્ય આપ્યું હતું. પ્રશિક્ષણાર્થીઓ એઇડ્સ વિષય અંતર્ગત કાવ્યગાન, કાવ્યપઠન, ડાયલોગ, ચિત્રકામ, કોલાજ જેવી સ્પર્ધાઓમાં જોડાયા હતા.

✻ એમ.એમ.આઇ. ટ્રસ્ટ સંચાલિત એસ.બી. મહિલા આર્ટ્સ કોલેજ, મહેતાપુરા દ્વારા એલ્યુમની એસોસીએશન તથા સ્પોર્ટ્સ વિભાગ તરફથી કોલેજમાં તા. ૨૬-૦૧-૨૦૧૭ના રોજ ‘‘સ્પોર્ટ્સ ડે’’ તથા ‘‘ફનફેર’’નો કાર્યક્રમ રાખેલ હતો.

✻ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગરમાં સામુદાયિક સેવાધારા અને રેડ રિબિન કલબ દ્વારા ‘‘થેલેસેમિયા પ્રિવેન્શન કાર્યક્રમ’’ ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી અમદાવાદના ઉપક્રમે તથા રોટરી કલબ, વિસનગરના સહયોગથી તા. ૨૭-૦૧-૨૦૧૭ના રોજ બી.એ. અને બી.કોમ. સેમ-૨ના ૨૩૯ વિદ્યાર્થી ભાઇ-બહેનોનો થેલેસેમિયા સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવેલ.

✻ મરચન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, વિસનગર અને બાસણા કેમ્પસની તમામ એન્જીનીયરીંગ, વિજ્ઞાન, શિક્ષણ, મેનેજમેન્ટ, પેરા-મેડીકલની કોલેજોનો સામુહિક રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમ CULFEST–2017 તા. ૩૧-૦૧-૨૦૧૭ થી તા. ૧૦-૦૨-૨૦૧૭ સુધી ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓના કારકિર્દીના વિકાસના અનુસંધાને ક્વીઝ અને ડીબેટનું એક દિવસીય આયોજન પણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં સૌથી વધુ વિજેતા તરીકે મરચંટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, પીલુદરાએ ટ્રોફી જીતી હતી.

✻ તા. ૦૧-૦૨-૨૦૧૭ના રોજ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં થેલેસેમિયા રક્ત પરીક્ષણ કર્યાક્રમ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ ગુજરાત રાજ્યના સહયોગથી યોજાયો. તેમજ થેલેસેમિયા અંગેની ફિલ્મ બતાવવામાં આવી. ડૉ. કમલેશભાઇ, અનિલભાઇ અને આચાર્ય શ્રી દિનેશભાઇએ થેલેસેમિયા અંગે માહિતી આપી હતી.

✻ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં સરદાર વિદ્યાભવન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.કે. પટેલની ઉપસ્થિતમાં ૧૧ ફેબ્રુઆરીના રોજ કોલેજના ભૂમિપૂજનના ઉદ્‌ઘાટક સંતશ્રી પૂજ્ય મોટાની છબીની સ્થાપનાનો કાર્યક્રમ સંપન્ન થયો. શ્રી કનુભાઇ આચાર્ય અને બળવંતભાઇ આચાર્યએ પૂજ્ય મોટાના જીવન અને કાર્યોની રૂપરેખા રજૂ કરી મૌનમંદિરનો મહિમા સમજાવી પૂજ્યમોટાનું જીવન સમાજ માટે પ્રેરણાદાયી બની રહે તે માટેનો સંદેશ આપ્યો હતો.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૧૫-૦૨-૨૦૧૭ના રોજ ‘સર્જનાત્મક અભિવ્યક્તિધારા’ અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ‘‘કાવ્યોત્સવ’’નું આયોજન કરવામાં આવ્યું.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરના ગીત-સંગીતધારા દ્વારા તા. ૨૦-૦૨-૨૦૧૭ના રોજ હળવું કંઠ્ય સંગીત, લોકસંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

✻ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણના એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટનો કાર્યક્રમ અમદાવાદના રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે યોજાયો.

✻ શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૩-૨-૧૭ના રોજ મહેસાણા જનરલ હોસ્પિટલ, મહેસાણાના સહયોગથી શ્રી સાર્વજનિક કેળવણી મંડળના શ્રી જેઠાભાઇ એમ. ચૌધરીના દ્વિતીય પુણ્યતિથિનિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો. સંકુલના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રોએ કુલ ૫૬ યુનિટ રક્તદાન કર્યું.

## તાલીમ

✻ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા અને ઓલ ગુજરાત વુમેન્સ ઓર્ગેનાઇઝેશન ‘‘શક્તિ મંચ’’ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩ થી ૨૭ જાન્યુઆરી, ૨૦૧૭ સુધી વુમેન સેલ દ્વારા આયોજીત બ્યુટીકેરના વર્ગો યોજાયા હતા. અમદાવાદના કૌશિકભાઇ તન્ના અને શર્મિષ્ઠાબેને ૮૧ જેટલી વિદ્યાર્થીઓને બ્યુટીકેર અંતર્ગત ફેશીયલ, આઇબ્રો, મહેંદી, વેક્સ, ગરબાના સ્ટેપ, હેર સ્ટાઇલ, હેરકટીંગ, સાડી પહેરવાની રીતે ઉપર પ્રશિક્ષણ આપ્યું હતું.

✻ નિરૂપા સર્વકલ્યાણ ટ્રસ્ટ અને ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના વુમન સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૧-૨૦૧૭ સુધી બ્યુટી પાર્લર કોર્ષનું આદિજાતિની વિદ્યાર્થિનીઓ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્યુટિશિયન રીટાબેન પટેલે આઇબ્રો, વેક્સ, હેરસ્ટાઇલ, ફેશિયલ, મહેંદી વગેરેની તાલીમ આપી હતી.

✻ શેઠ એચ.પી. આર્ટ્સ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ, તલોદમાં તા. ૦૮-૦૨-૨૦૧૭નાં રોજ એન.એન.એસ.ના ઉપક્રમે કેશલેશ સિસ્ટમ, ડિજીટલ બેન્કિંગ અને ડિજીટલ ઇન્ડિયા અંગે એક દિવસીય તાલીમ રાખવામાં આવી હતી.

## વર્કશોપ

✻ તા. ૨૫-૦૧-૨૦૧૭ના રોજ લૉ કોલેજ, પાટણ ખાતે માનવ અધિકાર ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને લૉ કોલેજના સંયુક્ત ઉપક્રમે ''હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યુટી એજ્યુકેશન'' વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યક્ષ પ્રો. ડૉ. બી.જી. મણિયાર તથા માનવ અધિકારના હેડ ડૉ. આર.એમ. દવેએ અનુક્રમે માનવ અધિકારનો ખ્યાલ અને મહિલાના માનવ અધિકાર વિષે રજુઆત કરી હતી. વર્કશોપમાં રાષ્ટ્રીય મતદાતા દિન સબબ મતદાનની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

✻ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણા દ્વારા તા. ૩૦-૦૧-૨૦૧૬ના રોજ કોલેજની યુ.જી. અને પી.જી.ની વિદ્યાર્થિનીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટેનો 'વર્કશોપ'નું આયોજન થયું હતું. વક્તાશ્રી વિષ્ણુભાઇ બ્રહ્મભટ્ટ હતા.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર કલા-કૌશલ્યધારા અંતર્ગત તા. ૦૭-૦૨-૨૦૧૭ના રોજ ચિત્રકલા, સ્કેચીંગ તેમજ રંગકલાકારીગરી અંગેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે કુ. જલ્પા એન. પરમારે ઉપર્યુક્ત વિષયોની તાલીમ આપી હતી.

## વાર્ષિકોત્સવ

✻ ધી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સનો ૪૯મો વાર્ષિકોત્સવ તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ યોજાયો. કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક, સહ-શૈક્ષણિક તથા રમતગમતમાં વિશિષ્ઠ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું ચંદ્રકો તથા રોકડ પારીતોષિક એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ગીત, નૃત્ય વગેરેનો સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો.

## વ્યાખ્યાન

✻ ''હિંમત વિદ્યાનગર'' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ અન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૧૭-૦૧-૨૦૧૭ના રોજ આદર્શ કો.ઓ.સોસાયટી, રાધનપુરના રોશનભાઇ વોરા તથા કૌશિકભાઇ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ઇ-પેમેન્ટ, ઇ-બેન્કિંગ, મોબાઇલ બેન્કિંગ જેવા કેશલેશ માધ્યમોની માહિતી આપવામાં આવેલ અને વર્તમાન સમયમાં કેશલેશ વ્યવહારોની જરૂરિયાત અંગે વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરેલ. તેમજ તા. ૨૩-૦૧-૨૦૧૭ના રોજ કોલેજના રજત જયંતિ મહોત્સવ વર્ષ નિમિત્તે ૧૩મી વ્યાખ્યાનમાળામાં વક્તાશ્રી ડૉ. રેખાબેન ભટ્ટે (સુરત) ''સ્ત્રી સશક્તિકરણ અને સાહિત્ય'' વિષય પર તેમજ પ્રા. હેમલબેન ભટ્ટે (રાજકોટ) ''જીવનમાં હકારાત્મક વલણનું મહત્વ'' વિષય પર વ્યાખ્યાન આપેલ.

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરના ઇતિહાસ વિભાગ દ્વારા તા. ૨૪-૦૧-૨૦૧૭ના રોજ વક્તાશ્રી એસ.વી. કોલેજ, અમદાવાદના પ્રિ. ડૉ. જગદીશભાઇ એસ. ચૌધરી દ્વારા ''ગાંધીજી અને રાષ્ટ્રીય આંદોલનો'' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

✻ તા. ૧૫-૦૨-૨૦૧૭ના રોજ પાલનપુરની એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં અંગ્રેજી વિભાગના ઉપક્રમે, મ્યુનિસિપલ સાયન્સ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણાના પૂર્વ અધ્યક્ષ પ્રો. જી.એસ. ખુશવાહનું વ્યાખ્યાન ''સ્પોકન ઇંગ્લીશ'' વિષય ઉપર યોજાઇ ગયું.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરના રેડ રિબન કલબ તથા એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨-૦૨-૨૦૧૭ના રોજ ''એઇડ્સ અવેરનેસ'' પર શ્રી મીનાક્ષી શુક્લનું વક્તવ્ય યોજાયું.

✻ ''નીમા મેમોરિયલ'' ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પલાસરના ડૉ. મમતાબેન રામીનું ''ભારતીય સંસ્કૃતિમાં શિક્ષા અને દિક્ષા'' એ વિષય પર કોલેજ કક્ષાનું યુનિવર્સિટી વ્યાખ્યાન યોજાયું.

## સેમિનાર

✻ ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા અને વેલકમ ગ્રૃપ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫-૦૧-૨૦૧૭ના રોજ કવિ કલાપીની ૧૪૩મી જન્મજયંતિ નિમિતે કલાપી : જીવન-કવન આધારિત પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તાશ્રી રાજેશ પટેલે (ફિલ્મ નિર્માતા અને નિર્દેશક) 'કલાપી જીવન પર્વ' વિશે તેમજ શ્રી ઇન્દુભાઇ બ્રહ્મભટ્ટે (પત્રકાર) 'કલાપીનો કેકારવ' પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ તા. ૩૦-૧-૨૦૧૭ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા મહાત્મા ગાંધીજીના જીવન-કવન, આઝાદી માટેની સ્વાતંત્ર્ય ચળવળો, શિક્ષણ દર્શન અને તેમના જીવન મૂલ્યો જેવા પાસાંઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમજ બે મિનિટનું મૌન પાળીને ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

✻ શેઠ એચ.પી. આર્ટ્સ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ, તલોદ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર પ્રેરિત સર્જક બ.ક. ઠાકોરનાં જીવન અને સર્જનની પ્રસ્તુતતા ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ તા. ૧૩-૦૨-૨૦૧૭ના રોજ યોજાયો. કવિશ્રી કિશોરસિંહે વક્તવ્ય આપ્યું હતું. વક્તાઓમાં ડૉ. યશોધર રાવલ (પિલવાઇ), હરીશ વટાવવાલા (વડોદરા), ડૉ. બિપીન આશર (રાજકોટ), ડૉ. દિપક પટેલ (રાજકોટ), પ્રિ. વિરંચી ત્રિવેદી (વડોદરા), ડૉ. મહેન્દ્રભાઇ નાઇ (ડાકોર), દક્ષાબેન ભાવસાર (ચાણસ્મા) વગેરેએ બ.ક. ઠાકોરનાં સમગ્ર સાહિત્ય સર્જન ઉપર વક્તવ્યો આપ્યાં હતાં.

✻ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના IQAC દ્વારા ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ગુણવત્તા સુધાર અને જાળવણી વિષય પર તા. ૧૮-૦૨-૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. અખિલ ભારત આચાર્ય મહામંડળના પ્રમુખશ્રી ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે ઉચ્ચ શિક્ષણમાં પ્રર્વતમાન પ્રશ્નો અને પડકારો વિષય પર તેમજ IQAC as a Catalytic Agent વિષય પર પ્રિ. ડૉ. એસ.પી. શર્માએ વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. સંજય શાહે Use of ICT તથા ડૉ. સુધીર

જોષીએ Innovative Practices and Quality Research વિષય પર વ્યાખ્યાન આપેલ. પરિસંવાદનું સંચાલન પ્રિ. ડૉ. જયેશ એન. બારોટના માર્ગદર્શન હેઠળ IQAC coordinator ડૉ. ભરતભાઇ એસ. પટેલે કર્યું હતું.




✻ તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ એમ.એન. કૉલેજ, વિસનગરના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા ગુજકોસ્ટ સ્પોન્સર્ડ નેશનલ કોન્ફરન્સનું આયોજન થયેલ. જેમાં ૩૭૫ ડેલીગેટ્સે ભાગ લીધો હતો અને ૧૩૫ જેટલા રીસર્ચ પેપરનું પોસ્ટર પ્રેઝન્ટેશન થયેલ. મુખ્ય મહેમાન શ્રીમતી ભાવનાબેન દવે, પ્રો. એસ.અસી. આમેટા તેમજ કી-નોટ સ્પીકર પ્રો. વી.એચ. શાહ અને ઈન્વાઈટિડ સ્પીકર પ્રો. કે.એચ. ચીખલીયા અને ડૉ. રાજેશ પટેલ હતા.




✻ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત વિભાગ દ્વારા 'ઉપનિષદોનું તત્વજ્ઞાન' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. જેમાં વક્તાશ્રી ડૉ. મણિભાઇ પ્રજાપતિએ ઉપનિષદોનું બીજ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. 'ઉપનિષદોમાં વ્યવહાર પક્ષ' વિષય પર સરદાર પટેલ યુનિ. વિદ્યાનગર સંસ્કૃત વિષયના અધ્યક્ષ ડૉ. નિરંજન પટેલે વિવિધ ઉદાહરણો દ્વારા તેમજ ડી.બી. રાઠવા એ 'ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન' પર વ્યાખ્યાન આપ્યું હતું.

✻ શ્રી એન.એમ. શાહ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર અને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય સાહિત્યમાં જૈનદર્શન'' પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો. મુખ્ય વક્તા ડૉ. મહેન્દ્ર દવેએ 'સંસ્કૃત સાહિત્યમાં જૈનદર્શન' વિષય પર સંસ્કૃત સાહિત્યની મહત્ત્વપૂર્ણ કૃતિઓમાં રહેલ જૈનદર્શન પર ચર્ચા કરી. ડૉ. દિનુભાઇ શાહે જૈનધર્મની પરંપરા અને નૈતિક સિદ્ધાંતોને ભારતીય સાહિત્યના સંદર્ભમાં વ્યાખ્યાન આપ્યું. ડૉ. અભય દોશીએ 'રાસ સાહિત્યમાં જૈનદર્શન'ના અનુસંધાને રાસ સાહિત્યની જુદી જુદી ભાષામાં રચાયેલ કૃતિઓમાં રહેલા જૈનદર્શનની અને ડૉ. યશોધર રાવલે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રથમ રાસકૃતિ 'ભરતેશ્વર બાહુબલિરાસ'માં રજૂ થયેલ જૈનદર્શનની ચર્ચા કરી હતી. અધ્યાપકશ્રીઓ તથા શોધાર્થીઓએ ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને અન્ય વિષયોમાં જૈનદર્શનના સંદર્ભે શોધપત્રો રજૂ કર્યા હતા.

## સ્પર્ધા

✻ શ્રી સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણામાં તા. ૨૪-૦૧-૨૦૧૭ના રોજ હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ દ્વારા શ્રીમતી વિદ્યાબેન દીપચંદભાઇ ગાર્ડીચેર-અભિમન્યુ એવોર્ડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કસોટીમાં ૯૩ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં ટી.વાય.બી.એ.ની મન્સુરી આરઝુ મજીદભાઇ તથા એફ.વાય.બી.એ.ની મન્સુરી ખુશ્બુ મજીદભાઇએ અનુક્રમે સેક્શન A તથા B માં પ્રથમક્રમ મેળવ્યો હતો.

✻ શ્રી એ.એમ. પટેલ (અવની સીડ્સ) મહિલા એજ્યુકેશન કોલેજ, ઊંઝામાં તા. ૦૭-૦૨-૨૦૧૭ ના રોજ રંગોળી, મહેંદી, ચિત્ર અને કેશગૂંથન જેવી સ્પર્ધાઓ યોજાઇ. તેમજ તા. ૧૦-૦૨-૨૦૧૭ના રોજ ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમક્રમે શારદા ગૃપના રાજપૂત સેજલ, પટેલ કિંજલ, મોદી ફાલ્ગુની, પરમાર પ્રિયંકા અને મકવાણા બિનલ રહ્યા હતા.

✻ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૧૦-૦૨-૨૦૧૭ના રોજ જ્ઞાનધારા, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, કલા કૌશલ્યધારા, નાટ્યધારા, ગીત-સંગીત-નૃત્યધારા, વ્યાયામ-યોગ-ખેલકુદ ધારા, સામુદાયિક સેવાધારા વગેરે ધારાઓની સ્પર્ધા રાખવામાં આવી હતી.

✻ બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ, પાલનપુરની એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજના ચિત્રવિભાગ દ્વારા શ્રી અમૃતવાણ અને શ્રી પ્રેમ રાવલની યાદમાં તા. ૧૯ ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ જિલ્લા કક્ષાનો ચિત્રકલા મહોત્સવ યોજાયો હતો. નોટબંધી, કુદરતી દ્રશ્ય, કિલન ઈન્ડિયા-ગ્રીન ઈન્ડિયા, શહેરીકરણ, ઉર્જા બચાવો, તહેવાર આદિ વિષયો પર ત્રણેક હજાર જેટલા સ્પર્ધકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં 'એ' કેટેગરીમાં પ્રથમક્રમે મેવાડા વાહિન એમ., દ્વિતીયક્રમે ગઢિયા અરૂણ, તૃતીયક્રમે કુમાર નયન તેમજ 'બી' કેટેગરીમાં પ્રથમક્રમે શાહ રચિત, દ્વિતીયક્રમે સોલંકી વિનોદ તથા તૃતીયક્રમે સલોની બાફના વિજેતા થયાં હતાં. 'સી' કેટેગરીમાં પ્રથમક્રમે મનીષા પૂજાભાઇ, દ્વિતીયક્રમે પટેલ ધ્રુવ કે. તથા તૃતીયક્રમે પંડ્યા વિનોદ જી. તથા 'ડી' કેટેગરીમાં પ્રથમક્રમે ચૌહાણ તૌફિક હુસેન, દ્વિતીયક્રમે પ્રજાપતિ પ્રેમ પી. અને તૃતીયક્રમે જસપાલસિંહ રાજપૂત વિજેતા થયાં હતાં.

✻ શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં શ્રીમતી વિદ્યાબેન દીપચંદ ગાર્ડીચેર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા અભિમન્યુ એવોર્ડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું. 'એ' વિભાગમાં રાવળ નેહલ વિનુભાઇ (એફ.વાય. બી.કોમ.-સેમ-૨), 'બી' વિભાગમાં જોષી કોમલ અશોકભાઇ

(એફ.વાય. બી.કોમ.-સેમ-૨) વિદ્યાર્થિની પ્રથમક્રમાંકે આવેલ હતી.

✲ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરમાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત રંગોળી, મહેંદી, ચિત્રકલા, કેશ-ગુંથન અને રસોઇ સ્પર્ધાનું આયોજન કરેલ. મહેંદી સ્પર્ધામાં પ્રથમક્રમે સોની રાજશ્રી, બીજાક્રમે ચૌધરી દિપિકા અને ત્રીજાક્રમે મોદી ઉર્વી, રંગોળી સ્પર્ધામાં પ્રથમક્રમે હેતાક્ષી ગ્રૃપ, બીજાક્રમે પૂજા ગ્રૃપ, અને ત્રીજાક્રમે લક્ષ્મી ગ્રૃપ, ચિત્રકલા સ્પર્ધામાં પ્રથમક્રમે સોની રાજશ્રી, બીજાક્રમે રાવળ શિત્તલ અને ત્રીજાક્રમે વાળંદ હેતાક્ષી, રસોઇ સ્પર્ધામાં પ્રથમક્રમે મિર મુસ્કાન, બીજાક્રમે પઠાન સાનીયાબાનું અને ત્રીજાક્રમે ચૌહાણ કાજલ તેમજ કેશગુંથન સ્પર્ધામાં પ્રથમક્રમે સોની રાજશ્રી, બીજાક્રમે મિર મુસ્કાન અને ત્રીજાક્રમે ઠાકોર સપના આવેલ હતા.

✲ શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ, પલાસરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે શ્રીમતી કે.બી. પટેલ વિદ્યાસંકુલમાં ગરબા સ્પર્ધા યોજાઇ. જેમાં પ્રથમ નંબરે શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ- પલાસર, બીજા નંબરે શ્રીમતી સી.એમ. કે. શાહ ગર્લ્સ હાઇસ્કૂલ-ધીણોજ અને ત્રીજા નંબરે શ્રી કે.કે. પટેલ વિદ્યાલય પલાસર વિજેતા બન્યા હતા.

✲ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માામાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાઇ હતી. જેમાં સોલંકી રાકેશ રવિન્દ્રસિંહ-પ્રથમ, બુબડિયા જ્યોત્સના એચ.- દ્વિતીય અને સોલંકી રાહુલ રવિન્દ્રસિંહ-તૃતીય સ્થાને રહ્યા હતા.

## શિબિર

✲ શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સમાં તા. ૨૦-૦૧-૨૦૧૭ થી તા. ૨૨-૦૧-૨૦૧૭ દરમ્યાન યુનિવર્સિટી કક્ષાની મહિલા કાનૂની શિબિર યોજાઇ હતી. શિબિરમાં ઉત્તર ગુજરાત યુનિ., પાટણની વિવિધ કોલેજોમાંથી ૯૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

✲ તા. ૨૪ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં એન.એન.એસ. વિભાગ પ્રેરિત યુનિવર્સિટી કક્ષાની ‘‘જીવનવિદ્યા પરિચય શિબિર’’નું આયોજન થયું. જેમાં પ્રબોધક શ્રી સુરેશભાઇએ જીવન શું છે ? તેની કઇ કઇ અવસ્થાઓ છે ? સૃષ્ટિ પરની પદાર્થ અવસ્થા, જીવ અવસ્થા, પ્રાણ અવસ્થા, માનવ અવસ્થા તેનું વર્તન, કાર્યો અને વ્યવહાર, મન અને શરીર, આવેગો, ઇશ્વરની કલ્પના, ભ્રમ વગેરે અંગે સ્લાઇડો, વીડીયો અને વક્તવ્ય દ્વારા માહિતી આપી હતી. જેમાં ૯૦ ભાઇઓ અને ૪૨ બહેનો જોડાયા હતા.

✲ શેઠ એમ.એન. સાયન્સ કોલેજ, પાટણ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા ત્રિ-દિવસીય વિજ્ઞાન અભિજ્ઞતા શિબિરનું આયોજન તા. ૦૬-૦૨-૨૦૧૭ થી તા. ૦૮-૦૨-૨૦૧૭ના રોજ થયેલ. જેમાં પર્યાવરણીય વિજ્ઞાન, અંધશ્રદ્ધા નિવારણ, બોટનીકલ ગાર્ડનની વિવિધ ઔષધીય વનસ્પતિઓ, ગણિતના સોફ્ટવેર, પ્રાણીશાસ્ત્રની લેબમાં પ્રાણીઓના નમૂના દ્વારા પ્રાણીસૃષ્ટિનું વર્ગીકરણ, જીવની ઉત્પત્તિ, જનીન થેરાપી, ભેળસેળ, ગુજરાતની જૈવ વિવિધતા તથા લેબોરેટરીમાં સાવચેતી વગેરે પર વ્યાખ્યાનો યોજાયા.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા બી.ફાર્મ. સેમેસ્ટર-૬ અને ૮ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૦-૧-૧૭ના રોજ Shashi Pharma, Chhatral અને Vadish Pharma Pvt. Ltd, Mandali ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાઇ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ ટેબલેટ કેપ્સ્યુલ અને ક્રિમ, ઓઇન્ટમેન્ટ જેવી ફોર્મ્યુલેશન બનાવવાની તથા ગુણવત્તા ચકાસણી અને રેગ્યુલેટરી ડોક્યુમેન્ટેન્સ વિશે વિસ્તૃત માહિતી મેળવી. તેમજ તા. ૫-૨-૧૭ થી તા. ૮-૨-૧૭ સુધી બી.ફાર્મ સેમેસ્ટર - ૪, ૬, ૮ ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ જેસલમેર, રણુંજા, પોખરણ, જોધપુર, પાવાપુરી જેવા ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળોએ યોજાયો.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) ‘ઉદીચ્ય’માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.


**ડૉ. નિલેષ એ. પટેલ**-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઇ-મેઇલ : udichyahngu@gmail.com


## સબરસ

નારી : હે પ્રભુ અમે કરવાચોથ કરીએ છીએ તો પણ અમારા પતિનું લાંબુ આયુષ્ય કેમ નથી થતું ?

પ્રભુ : હે નારીઓ... કરવાચોથનું વ્રત સતયુગ માટે હતું અને કલિયુગ માટે લાંબુ જીવાડવા માગતા હોય તો મૌનવ્રત રાખવાનું હોય છે. દરેક અઠવાડિયે ૪ દિવસ. (શનિ-રવિ ફરજીયાત)


**HNGU**
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor : Dr. Nilesh Patel** (I/c University Librarian), **Dr. Bharat Solanki**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.